સૌરાષ્ટ્ર આજતક

રાજકોટની હોટલમાં બનેવીએ ઘેની પ્રવાહી પીવડાવી દિધું : છાત્રાનો આપઘાતનો પ્રયાસ

રાજકોટ,

મૂળ દેવભૂમિ દ્વારકા પંથકની હાલ જામનગરમાં કોલેજમાં રહી અભ્યાસ કરતી અને હોસ્ટેલમાં રહેતી સગીરા સાથે અજુગતું થયાની ઘટના સામે આવતાં પોલીસે તપાસ આદરી હતી. સગીરાને તેના કૌટુંબિક બનેવીએ રાજકોટ મળવા બોલાવી બાદમાં હોટેલમાં લઈ જઈ ત્યાં કોલ્ડ્રીંકસમાં કેફી પ્રવાહી પીવડાવ્યું હતું. જેથી તેણીને નિંદર આવી ગઈ હતી. બીજા દિવસે સવારે આરોપીએ તેણી પર પાણી છાંટી ઉઠાડયા બાદ જામનગરની બસમાં બેસાડી દીધી હતી. સગીરાને કોલેજમાં રજા હોવાથી તે પોતાના ઘરે ગયા બાદ એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી સગીરાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

બનાવ અંગે પિતાએ પૂછતા તેણીએ લખીને જાણ કરતા બનાવ સામે આવ્યો હતો. બાદમાં આ અંગે સગીરાના પિતાએ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. અજુગતી ઘટના અંગે ૧૭ વર્ષીય સગીરાના પિતાએ એ.ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૨૬ ના દીકરીને કોલેજમાં રજા હોવાથી તેને ઘરે આવવું છે. મને તેડવા આવો તેવું તેણીએ પિતાને કહ્યું હોય જેથી તેના પિતા જામનગરથી તેડીને ઘરે આવ્યા હતા.બીજા દિવસે તેઓ વાડીએ હતા ત્યારે પત્નીનો ફોન આવ્યો હતો અને કહ્યું હતુ કે, દીકરીએ એસિડ પી લીધું છે. જેથી તેઓ તુરંત ઘરે જઈ તેણીને પ્રથમ સારવાર અર્થે ભાણવડ બાદ વધુ સારવાર અર્થે જામનગર ખસેડી હતી. આપઘાતના પ્રયાસ અંગે પુત્રીને પૂછતા તેણીએ કાગળમાં લખીને જણાવ્યું હતું કે, બે માસ પૂર્વે ભાઈની સગાઈમાં ભેગા થયેલ ત્યારે કૌટુંબિક બેહેનની જેની સાથે સગાઈ થયેલ તે બનેવી પણ ત્યાં હાજર હતો.અને પ્રસંગ પૂર્ણ થતા જ તે મારી સાથે ફોન અને મેસેજમાં વાત કરતો હતો.

દરમિયાન ગઇ તા. ૨૫ ના તેણી હોસ્ટેલમાં હતી ત્યારે આરોપીએ ફોન કરી કહ્યું કે, તું રાજકોટ મને મળવા આવ જો નહીં આવે તો હું તારી બહેનને હેરાન કરીશ જેથી તેણી રાજકોટ ગયેલ બાદ બંન્ને એસ.ટી. બસ સ્ટેન્ડની પાસે આવેલી ક્રિષ્ના હોટલમાં ગયા હતા. ત્યારે આરોપીએ તેણીને કોલ્ડ્રીંકસમાં કોઈ પ્રવાહી ભેળવી પીવડાવ્યું હતું. જેથી તેણીને માથુ દુઃખતું હોવાથી નિંદર આવી ગયેલ અને બીજા દિવસે આરોપીએ તેણી પર પાણી છાંટી જગાડયા બાદ ફરી જામનગરની બસમાં બેસાડી જતા જતા કહ્યું કે, તું મને મળવા આવતી રહેજે અને કોઈને જાણ કરતી નહીં બાકી તારી બહેનને હેરાન કરીશ તેવી ધમકી આપી હતી. જેથી આરોપીએ સગીરા સાથે કંઈક અજુગતુ કર્યું હોય જેથી ડરી જઈ તેણીએ આ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. હાલ જામનગર જી જી હોસ્પિટલમાં દાખલ સગીરાને ડિસ્ચાર્જ મળ્યા બાદ તેણીનો મેડિકલ રિપોર્ટ કરાવવામાં આવશે. જે રિપોર્ટમાં દુષ્કર્મ થયાં અંગે ખરાઈ કરીને દુષ્કર્મની કલમો ઉમેરવા તજવીજ હાથ ધરવામાં આવશે.પોલીસે તપાસ હાથ ધરી છે.

રાજકોટ મનપા દ્વારા હોટલ-હોસ્પિટલ-સ્કૂલ-સોસાયટીઓ માટે સ્વચ્છતા સ્પર્ધાનું આયોજન

રાજકોટ,

રાજકોટ શહેરના તમામ હોટલ સંચાલકો, તમામ હોસ્પીટલ, તમામ સ્કુલ સંચાલકો, તમામ રેસિડન્સ વેલ્ફેર એસોસીએશન/મોહલ્લાના પ્રમુખ, માર્કેટ એસોસીએશન, તમામ સરકારી કચેરીને આથી જાણ કરવામાં આવે છે.

આગામી સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૫-૨૦૨૬ને ધ્યાને લઈને સમાજમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સ્કુલ, સ્વચ્છ હોટલ, સ્વચ્છ હોસ્પીટલ, સ્વચ્છ રેસિડન્સ વેલ્ફેર એસોસીએશન/મોહલ્લા, સ્વચ્છ સરકારી ઓફિસ તથા સ્વચ્છ માર્કેટ એસોસિએશન માટે સ્વચ્છતા રેન્કિંગનું આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ સ્વચ્છતા રેન્કિંગ દર મહિને યોજવામાં આવનાર છે.

આ સ્વચ્છતા રેન્કિંગમાં ભાગ લેનારને સ્વચ્છતાના જુદા-જુદા પેરામીટર્સ જેમ કે, ઈન્ફ્રાસ્ટ્રકચર, સર્વિસ મેઈન્ટેનન્સ અને લોકોના ફીડબેક ઉપર દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરના વિજેતાનું સન્માન કરવામાં આવશે. આ સ્વચ્છતા રેન્કીંગમાં ભાગ લેવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ સ્પર્ધાના નિયમો નીચે મુજબ છે.

સ્વચ્છતા જાગૃતિ તથા સિંગલ પુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ અંગેના બેનર તથા હોર્ડિંગ લગાવવાના રહેશે તેમાં સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૫નો લોગો લગાવો ફરજીયાત છે (સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૫નો લોગો પ્રોગ્રામ ઈમ્પલીમેન્ટેશન યુનિટ (આઈ.ઈ.સી.સેલ) પ્રથમ માળ રૂમ નં-૭, ઢેબર રોડ, સેન્ટ્રલ ઝોન, રાજકોટ મહાનગરપાલિકા (ફોન નં- ૨૨૨૮૧૭૭ મળી રહેશે.) આ સ્વચ્છતા રેન્કીંગનો આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશનર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર હસ્તગત કમિટીનો રહેશે. જે દરેક ભાગ લેનાર સંસ્થાઓને બંધનકર્તા રહેશે. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦/૦૧/૨૦૨૬ રહેશે. સ્વચ્છતા રેન્કિંગ સ્પર્ધામાં વિવિધ માપદંડો જેમ કે પરિસરની સ્વચ્છતા, શૌચાલયનું બાંધકામ તથા સ્વચ્છતા, દાદરા-લોબીની સ્વચ્છતા, કચરાપેટીની વ્યવસ્થા, ભીના તથા સુકા કચરાના નિકાલની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા વિગેર રહેશે

રાજકોટ માર્કેટ યાર્ડમાં ત્રણ હેલીપેડ બનાવાયા : રિહર્સલ યોજાયું

રાજકોટ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે રીજીયોનલ વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન માટે રવિવારે રાજકોટ આવવાના છે તે પૂર્વે હેલીપેડથી માંડીને તમામ તૈયારીઓનો આખરી આપવામાં આવી રહ્યો છે. મોરબી રોડ પર મારવાડી યુનિ. ખાતે યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં પહોંચવા વડાપ્રધાન માટે નજીકમાં આવેલા માર્કેટ યાર્ડ ખાતે ૩ હેલીપેડ બનાવવામાં આવ્યા છે. જયાં વડાપ્રધાન મોદી ઉતરાણ કરશે અને ત્યાંથી સમિટ સ્થળે પહોંચશે. રવિવારે બપોરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

સોમનાથથી વડાપ્રધાન હેલીકોપ્ટર મારફતે સમિટ સ્થળે

પહોંચશે. હેલીકોપ્ટરના ઉતરાણ માટે મારવાડી યુનિવર્સિટીની નજીક આવેલા માર્કેટીંગ યાર્ડમાં ૩ હેલીપેડ તૈયાર કરવામાં આવ્યા છે. યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરાએ જણાવ્યું હતું કે બેડી યાર્ડમાં ૨૬ હજાર મીટર જગ્યામાં આરસીસી પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે.સાડાચાર કરોડના ખર્ચે બે દિવસ પૂર્વે જ આરસીસી પ્લેટફોર્મનું આ કામ પૂર્ણ થયું હતું. અત્યાર સુધી કૃષિ જણસી ઉતારવા માટે તેનો ઉપયોગ થયો ન હતો હવે વડાપ્રધાનના કાર્યક્રમ માટે ફાળવી દેવામાં આવ્યું છે. સુત્રોના કહેવા પ્રમાણે માર્કેટીંગ યાર્ડ ખાતેના હેલીપેડ ધરાવતા આ વિશાળ ગ્રાઉન્ડનો કબજો એસપીજીએ લઈ લીધો છે અને ગઈ સાંજે હેલીકોપ્ટર ઉતરાણનું રિહર્સલ યોજવામાં આવ્યું હતું.યાર્ડનું આ નવેનવું પ્લેટફોર્મ સૌ પ્રથમ વડાપ્રધાનના કાર્યક્રમ માટે ઉપયોગમાં લેવામાં આવનાર છે. આ નવા જ આરસીસી પ્લેટફોર્મ પર સૌ પ્રથમ પગલા વડાપ્રધાનના પડશે તે પણ મહત્વનું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસા જેવી સીઝનમાં ખેડૂતોની કૃષિ ચીજોને નુકશાન ન થાય અને ઉતરાણ માટે યોગ્ય સારી જગ્યા મળે તે માટે સાડાચાર કરોડના ખર્ચે યાર્ડ સત્તાવાળાઓ દ્વારા આરસીસી પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે અને બે દિવસ પૂર્વે જ તેનું કામ પૂર્ણ થયું હતું.

રાજકોટ મનપા ૫૦૦૦ વેરો બાકી હશે તો પણ મિલકત સીલ કરી નળ જોડાણ કાપશે

વેરા વિભાગે મનપાની વેબસાઇટ ઉપર બાકીદારોનુ લિસ્ટ મુક્યુ

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકાની મુખ્ય આવક મિલકત વેરામાં દર વર્ષે ગાબડુ પડતુ હોવાથી તેમજ અનેક બાકીદારો વર્ષોથી વેરો ભરપાઇ ન કરતા હોવાથી આ વર્ષે બજેટમાં મુકવામાં આવેલ ૪૫૪ કરોડનો લક્ષ્યાંક પૂર્ણ કરવા વેરા વિભાગે વધુ કડક પગલા ભરવાનો નિર્ણય લઈ હવે રૂા.૫૦૦૦ વેરો બાકી હસે તો પણ નળ જોડાણ કટ અને મિલકત સીલ કરવા સહિતના પગલા લેવામાં આવશે. નોટીસ આપવામાં સમય પસાર ન થાય તે માટે વેરાવિભાગે મનપાની વેબસાઇટ ઉપર બાકીદારોનુ લિસ્ટ મુકી સમયસર વેરો ભરપાઇ કરવાની કડક સુચના આપી આ જાહેરાતને નોટીસ સમજવા સુચના આપી છે.

રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ અને રાજકોટ મહાનગરપાલિકાના રેકર્ડ પર નોંધાયેલ રેસીડન્સ, કોમર્શિયલ, તથા અન્ય કેટેગરીની મિલકત ઈન્ડસ્ટ્રીયલ ધરાવતા મિલકતધારકોને જાણ કરવામાં આવે છે કે જે મિલકત ધારકોના મિલકત વેરા તથા પાણી ચાર્જીસની રૂ.૫,૦૦૦ કે તેથી વધુ રકમ બાકી હોય તેવા મિલકત ધારકોની યાદી કરવા પાત્ર રકમની વિગત રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. આવા બાકીદારોએ આ યાદી પરથી પોતાની મિલકત પેટેની બાકી રકમની વિગતો મેળવી, સત્વરે મિલકત વેરો તથા પાણી ચાર્જીસની બાકી રહેતી તમામ રકમ તાત્કાલિક ભરપાઇ કરવા આથી તાકીદ કરવામાં આવે છે.

અન્યથા રાજકોટ મહાનગરપાલિકા વેરા વસુલાત શાખા દ્વારા જી.પી.એમ.સી એકટ ૧૯૪૯ ની કલમ ૧૨૮ હેઠળ, આવી મિલકતો સીલ કરવાની, નળ કનેકશન કપાતની તથા મિલકતની હરરાજી કરવા સુધીની કાર્યવાહી ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે જેની ગંભીર નોંધ લગત તમામે લેવી. મિલકત વેરો/પાણી ચાર્જીસની રકમ ઓનલાઈન, વોર્ડ ઓફીસ, સિટી સિવિક સેન્ટર તેમજ ઝોન ઓફીસથી ભરપાઈ કરી શકશે.

ગોંડલની જૂની કોર્ટ પરિસરમાં ફીનાઇલ પીને પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

ગોંડલ,

ગોંડલની જૂની કોર્ટ પરિસરમાં પતિ સાથેના વિવાદમાં સમાધાન ન થતાં એક પરણિતાએ ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન બની હતી.

નાની મેંગણીના વતની અને હાલ શાપર ખાતે પિતાના ઘરે રહેતી પુજાબેન ભરતભાઈ પરમાર તેનાં પિતા સાથે ગોંડલ કોર્ટમા આવી હતી. પરિણીતાના લગ્ન લોધિકા તાલુકાના પિપરડી ગામે થયા હતા. જોકે, પતિ-પત્ની વચ્ચેપ લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો, જે અંગે ગોંડલ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કોર્ટમાં કેસ બાબતે કોઈ યોગ્ય સમાધાન કે નિરાકરણ ન આવતા પરિણીતાએ હતાશામાં જૂની કોર્ટ પરિસરમાં જ ફીનાઈલ પી લીધું હતું. ફીનાઈલ પીધા બાદ મહિલા જૂની કોર્ટની બહાર રોડ પર આવતા અચાનક ઢળી પડી હતી. આ દ્રશ્ય જોઈ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. કોળી યુવા ગ્રુપની એમ્બ્યુન્સલને જાણ કરાતા, મહિલાને તાત્કાલિક ગોંડલની ડો.સુખવાલા હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ ઘટનાને પગલે કોર્ટ બહાર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

શિવાજીનગર અને જંકશન ચોકી પાસે પોલીસના દરોડા : ૧૧ ઝડપાયા

જંકશન ચોકી પાસે મકાનમાં જુગાર રમતી ચાર મહિલાઓ પણ પકડાઈ

રાજકોટ,

રાજકોટના દૂધસાગર રોડ પર શિવાજીનગરમાં થોરાળા પોલીસે અને જંકશન ચોકી આસ્થા ચોક પાસે પ્રનગર પોલીસે મકાનમાં દોરડો પાડી તીનપતીનો જુગાર રમતા ૧૧ શખ્સોને પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ રાજકોટના દૂધસાગર રોડ પર શિવાજીનગરમાં એક મકાનમાં મહિલા સંચાલીત જુગારધામ ચાલતુ હોવાની થોરાળા પોલીસ મથકના એ.એસ.આઈ. મહેશભાઈ સોલંકીને બાતમી મળતા પી.એસ.આઈ. એમ.એસ. મહેશ્વરી સહિતના સ્ટામફે દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા મકાનમાલીક રમાબેન મુકેશભાઈ હદાણી(રહે. માજોઠીનગર આંગણવાડીની સામે) તથા દૂધસાગર રોડ પર રજીયાબેન ઉમરભાઈ નોડે, ગુજરાત હાઉસિંગ બોર્ડ રિધ્ધી સિધ્ધિ સોસાયટી શેરી નં. ૮ના અંજુબેન નુર અહેમદભાઈ સુભણીયા, શિવાજીનગર શેરી નં.૧ના રમેશ ઠાકરશીભાઈ સોરાણી, ગુંદાવાડી શેરી નં.૬ના દીનેશ રતીલાલભાઈ ફીચડીયા, અને માર્કેટીંગ સામે સાગરનગરના માધવ ઉર્ફે માધોરા રામચંદ્રભાઈ વઢીયારને પકડી લઈ રૂા.૧૫, ૦૫૦ની રોકડ કબ્જે કરી હતી આ કામગીરી પી.એસ.આઈ. એમ.એસ. મહેશ્વરી, એએસઆઈ મહેશભાઈ સોલંકી, જયેશભાઈ નીમાવત, હેડકોન્સ વિક્રમભાઈ લોખીલ, કોન્સ જાગૃતિબેન ઓળકીયા અને કાજલબેન મકવાણા દ્વારા કામગીરી કરવામાં આવી હતી.જ્યારે બીજા દરોડામાં પ્રનગર પોલીસ મથકના પી.એસ.આઈ જે.બી. રાણીંગા, હેડકોન્સ મયુરરાજસિંહ જાડેજા, કોન્સ વિશ્વજીતસિંહ ઝાલા, અને ક્રિષ્નબેન સીતાપરા સહિતના સ્ટાફે બાતમીના આધારે જંકશન ચોકી પાસે આસ્થા ચોક પાસે રૂદ્રા રેસીડેન્સી બ્લોક નં.૧માં આવેલ મકાનમાં દરોડો પાડી તીનપતીનો જુગારરમતા મકાનમાલીક રેખાબેન રાકેશભાઈ પલન, સિંધી કોલોની કવાર્ટર નં. ૨૪૦માં રહેતા ગીતાબેન રામચંદભાઈ ઉદાણી, પરસાણાનગર શેરી નં. ૪ના અનુબેન પ્રતાપભાઈ વસદાણી અને ધરમનગર બ્લોક નં. ૧૮ના રજનીબેન હરેશભાઈ નાગરેચાને પકડી લઈ રૂા. ૧૫,૫૨૦ની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી.

અમરેલીમાં બેંક કર્મચારીની ઓળખ આપી ગઠિયાએ નિવૃત્ત શિક્ષકના રૂા.૧૫ લાખ પડાવ્યા

વૃદ્ધની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ત્રણ મોબાઈલધારકો સામે ફરિયાદ

અમરેલી

અમરેલીમાં રહેતાં એક વૃધ્ધ નિવૃત શિક્ષકને ત્રણ જેટલાં અજાણ્યા ઈસમોએ પોતાની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી, નિવૃત શિક્ષકને વિશ્વાસમાં લઈ ભોળવી જઈ બેંકના નામની અલગ અલગ એપ્લીકેશન વોટ્સએપમાં ફાઈલ મોકલી, અને ડાઉનલોડ કરાવી નિવૃત શિક્ષકને અલગ અલગ રીતે વાતચીતમાં વ્યસ્ત રાખી નિવૃત શિક્ષકની જાણ બહાર બે અલગ અલગ બેંક ખાતા અલગ અલગ રકમના કુલ-૩ ટ્રાન્જેક્શન કરી રૂપિયા ૧૫ લાખની નિવૃત શિક્ષક સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યા અંગેની અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ કસ્ટમરકેર ૯૦૭૮૧૬૪૬૧૦ નંબરનો ધારક આરોપી નં.(૧) મો.નં.૯૦૭૮૧૬૪૬૧૦ વાળા તથા અજય નામનો હિન્દી ભાષી મોબાઈલ નં.૭૪૩૯૧૪૨૦૬૨ માંથી વાત કરનાર તથા મો.નં. ૯૩૪૧૨૩૫૦૦૩ ના વોટ્સએપ એકાઉન્ટ ધારક વાળા આરોપીઓએ એકસંપ કરી ગુન્હાહિત કાવતરૂ રચી અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ મધુવન પાર્ક-૪ દ્વઢ રહેતાં રાજેશપ્રસાદ ઈન્દ્રવદન પંડીત નામનાં ૬૧ વર્ષીય નિવૃત શિક્ષકને આરોપીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી, નિવૃત શિક્ષકને વિશ્વાસમાં લઈ ભોળવી જઈ બેંકના નામની અલગ અલગ એપ્લીકેશન વોટ્સએપમાં ફાઈલ મોકલી, અને ડાઉનલોડ કરાવી, તેમાં તમામ એક્સેસ મેળવી લઈ નિવૃત શિક્ષકને અલગ અલગ રીતે વાતચીતમાં વ્યસ્ત રાખી નિવૃત શિક્ષકની જાણ બહાર ગત તા.૬ ના રોજ બે અલગ અલગ બેંક ખાતા અલગ અલગ રકમના કુલ-૩ ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦ ની નિવૃત શિક્ષક સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યા અંગેની અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

રાજકોટ: શાપર-વેરાવળના વેપારીના ત્રણ વાહનો - દાગીના વ્યાજખોરે પડાવી લીધા

વ્યાજે લીધેલા રૂા. ૩.૫૦ લાખ ચૂકવી દીધા છતાં વધુ રૂપિયા પડાવવા ધમકી આપતા ફરિયાદ

રાજકોટ,

રાજકોટના શાપર-વેરાવળના વ્યાજખોરો દ્વારા શાકભાજીના વેપારીને વ્યાજે આપેલ રૂ.૩.૫૦નું પઠાણી વ્યાજ વસુલવા ત્રણ મોટરસાયકલ અને દાગીના પડાવી લઈ કોરા ચેક પાછા નહી આપી ધમકી આપતા આ મામલે બે સગા ભાઈ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.મળતી વિગતો મુજબ શીતળા મંદીર, પાવર હાઉસની પાછળ, બહુચરાજી માતાના મંદીર પાસે રહેતા અને શીતળા મંદીર પાવર હાઉસ પાસે શાકભાજીનો વેપાર કરતા ઈરફાનભાઈ નાથાભાઈ વિશાળની ફરિયાદને આધારે લોધિકાના ઢોલરા ગામના ધમેન્દ્ર ઉર્ફે મુન્ના મધુભાઈ દવેરા અને શાપર વેરાવળના દિનેશભાઈ મધુભાઈ દવેરાનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૦ માં નાનાભાઈ શાહરૂખનું પારડી નજીક એક્સીડન્ટ થયેલ જેમાં તેને ગંભીર ઈજાઓ થયેલ હોય જેથી દવાખાનાનો ખર્ચ વધી ગયેલ અને ૨૦૨૪ માં ભાઈ શાહરૂખનું રાજકોટ હોસ્પીટલમાં ઓપરેશન કરાવ વાનું હોય અને રૂપીયાની જરૂરીયાત હોય જેથી ઢોલરા ગામના ધર્મેન્દ્ર ઉર્ફે મુન્નાભાઈ મધુભાઈ દવેરા પાસેથી કટકે કટ કે કુલ ૩ લાખ ૫૦ હજાર રૂપીયા વ્યાજે લીધેલ હતા અને સામે પિતાના નામનું બુલેટ મો.સા. નં. જી. જે.-૦૩-એલ.સી. ૭૯૬૦ તથા માતા જુબેદાબેનના નામનું સ્પ્લેન્ડર મોટર સાયકલ તથા બીજુ તેનું સ્પ્લેન્ડર મોટર સાયકલ એમ કુલ ત્રણ વાહન તથા બે જોડી સોનાની બુટ્ટી એમ સીક્યુરીટી પેટે આ ધર્મેન્દ્ર ઉર્ફે મુન્નાભાઈ મધુભાઈ દવે રા તથા તેના સગા ભાઈ દીનેશભાઈ મધુભાઈ દવેરાને આપેલ હતા.ઈરફાન દ્વારા દરરોજ રૂ, ૧૫૦૦ જે ક્યારેક ધમેન્દ્ર ઉર્ફે મુન્નાભાઈ મધુભાઈ દવેરાના એકાઉન્ટમાં તથા ક્યારેક દીનેશભાઈ મધુભાઈ દવેરાના એકાઉન્ટમાં જમા કરાવતો હતો તેમજ દર ગુરૂવારે તથા સોમવારે રૂ. ૫૦૦૦ રોકડા આ ધર્મેન્દ્રભાઈ દવેરાને આપતો હતો અને ૨,૮૦,૦૦૦ રૂપીયા તેઓને આપી દીધેલ બાદ આ ધર્મેન્દ્રભાઈએ કહેલ કે તને બે મોટર સાયકલ પાછા આપી દઈશ તુ મને બે કોરા ચેક સીક્યુરીટી પેટે આપી દે જેથી ઈરફાને ધર્મેન્દ્રને કોટક મહિન્દ્ર બેંકના બે કોરા ચેક આપેલ પરંતુ ધર્મે ન્દ્રભાઈએ ઈરફાનને મોટર સાયકલ પાછા આપેલ નહી અને બહાના બતાવેલ બાદ ધર્મેન્દ્ર દવેરા તથા દીનેશ દવેરાને રૂ. ૧૫૦૦૦ આપવાના બાકી રહેતા હતા ઈરફાને તા. ૨૭/૦૭/૨૦૨૪ ના રોજ ધર્મેન્દ્રને વાત કરે લ કે બાકીના ૧૫૦૦૦ તમને આપી દવ અને હીસાબ કરી મને મારા વાહનો તથા બુટ્ટી તથા ચેક પાછા આપી દો તેમ વાત કરતા ધર્મેન્દ્રએ તેને ઢોલરા તેમના ઘરે બોલાવેલ જયા ધર્મેન્દ્રભાઈ તથા દીનેશભાઈ દવેરા બન્ને હા જર હતા જેથી તેમને ૧૫૦૦૦ રૂપીયા આપેલ અને વસ્તુ પાછી આપવાનું કહેતા ધર્મેન્દ્રએ કહેલ કે તે લીધેલ રૂપીયા હજુ ભરાણા નથી તારે હજુ રૂપીયા આપવાના બાકી છે આ તો ફક્ત વ્યાજ આપેલ છે તેમ કહી બેફામ ગાળો આપી અને ધર્મેન્દ્ર તથા દીનેશ દવેરાએ લાકડીથી મારમાર્યો હતો.

હર હર મહાદેવના જયઘોષ સાથે રાજકોટથી બીજી ટ્રેન સોમનાથ પહોંચી

રાજકોટ,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં ભાગ લેવા કાલે સાંજે સોમનાથ આવી રહ્યા છે અને રવિવારે રોડ-શો સહિતના કાર્યક્રમ યોજાવાના છે ત્યારે ગઈકાલે રાત્રે સતત બીજા દિવસે શહેર ભાજપ દ્વારા ધારાસભ્યોની હાજરીમાં ભાવિક ભકતોની ટ્રેનને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ ભકતો અને કાર્યકરો સવારે સોમનાથ પહોંચી ગયા હતા. આ તકે શીવ મંત્રોચ્ચાર અને હર હર મહાદેવના જયઘોષ સાથે ટ્રેઈનને પ્રસ્થાન કરાવવામાં આવેલ હતી. ધારાસભ્ય ઉદય કાનગડ જાતે કાર્યકરો સાથે ટ્રેનમાં રવાના થયા હતા.

રાજકોટ ભાજપ દ્વારા ત્રણ દિવસ સુધી ભકતોને સોમનાથ પર્વની ઉજવણીમાં લોકો ભાગ લેવા જાય તે માટે ખાસ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી છે. બુધવારે અને ગુરૂવારે રાત્રે ટ્રેન ઉપડી હતી અને આવતીકાલે પણ શહેર ભાજપના મુખ્ય હોદેદારો, પદાધિકારીઓ, ચૂંટાયેલા લોકો સોમનાથ જવાના છે.નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તા.૧૧ સુધી સોમનાથ સ્વાભિમાન પર્વ-૨૦૨૬ અંતર્ગત રાજકોટ શહેર પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ અને મહાનગરના મુખ્ય ઈન્ચાર્જ તરીકે શહેર ઉપપ્રમુખ પરીમલભાઈ પરડવા અને સહઈન્ચાર્જ તરીકે પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ ભોરણીયા, વોર્ડ નં.૧૪ ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોષીની આગેવાનીમાં તા.૭ જાન્યુઆરીએ રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતેથી ભાવિક ભકતો અને કાર્યકર્તાઓ સાથે ટ્રેન ઉપડી હતી. ૧૮ કમ્પાર્ટમેન્ટની ટ્રેઈનના ઈન્ચાર્જ વોર્ડ નં.૩ ના પૂર્વ પ્રમુખ હેમુભાઈ પરમાર અને સહઈન્ચાર્જ બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાયની આગેવાનીમાં લઈ જતી ટ્રેનને ભાજપ પ્રમુખ ડો. માધવ દવે ઉપસ્થિત રહી પ્રસ્થાન કરાવી હતી. આ તકે કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા શુભ મુર્હતમાં શાસ્ત્રોકત મંત્રોચ્ચાર કરવામાં આવેલ હતા.

શહેર પ્રમુખના હસ્તે શ્રીફળ વધેરી શુભ શુકન કરવામાં આવેલ હતું. આજના બીજા દિવસે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, મહામંત્રી અશ્વિનભાઈ